# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: MONDAY** **National News**

**આકાશવાણી સમાચાર** અનિલ પટેલ **વાંચે છે.**

**************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ગામડાઓમાં યોગ્ય સમયે પશુ આરોગ્ય મેળાઓ યોજવા પર ભાર મૂક્યો.
2) **હિમાચલ પ્રદેશમાં સતત વરસાદના કારણે અત્યાર સુધી 39 લોકોના મોત, ચાર લોકો હજી પણ ગુમ**
3) **ઉત્તરાખંડમાં ભારે વરસાદના કારણે ચારધામ યાત્રા પર લગાવાયેલો કામચલાઉ પ્રતિબંધ આજે હટાવી લેવાયો**
4) યુરોપમાં તાપમાનનો પારો વિક્રમજનક સ્તરે પહોંચતાં હિટસ્ટોકનાં કેસમાં વધારો
5) **લંડનમાં આજથી વિમ્બલડન ટૅનિસ ટૂર્નામૅન્ટનો પ્રારંભ થશે**

**…………………………………………………………………….**

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PREZ UTTAR PRADESH

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે પશુઓની સેવાની નૈતિક જવાબદારીને રેખાંકિત કરી. તેમજ પશુ ચિકિત્સા વ્યવસાયિકોને તેમની તાલીમ અને ઉદ્દેશ પ્રત્યે પ્રતિબદ્ધ રહેવા આગ્રહ કર્યો. ઉત્તરપ્રદેશના બરેલીમાં આજે ભારતીય પશુ ચિકિત્સા સંશાધન સંસ્થાના પદવીદાન સમારોહને સંબોધતા રાષ્ટ્રપતિએ ગ્રામ્ય ક્ષેત્રોમાં સુગમ પશુ ચિકિત્સા દેખરેખના મહત્વ પર ભાર મૂક્યો.

(BYTE- PRESIDENT MURMU ON TECHNOLOGY)

રાષ્ટ્રપતિ મુર્મૂએ પશુ આરોગ્ય મેળાઓના નિયમિત આયોજન પર પણ ભાર આપ્યો. તેમણે કહ્યું, પશુઓનું યોગ્ય સમયે આરોગ્ય નિદાન કરવા આ મેળાઓ ગામડાઓમાં યોજવા જોઈએ.

(BYTE- PRESIDENT MURMU ON STARTUP)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**JAISHANKAR US VISIT**

વિદેશ મંત્રી ડૉક્ટર સુબ્રમણ્યમ જયશંકર આજથી ત્રણ દિવસ અમેરિકા પ્રવાસે જશે, જ્યાં તેઓ વિદેશ મંત્રી માર્કો રૂબિયોના નિમંત્રણ પર આવતીકાલે યોજાનારી ચતુર્ભુજ સુરક્ષા સંવાદ એટલે કે, ક્વાડ જૂથના વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું, ક્વાડ સમૂહ સ્વતંત્ર અને ખૂલ્લા ભારત-પ્રશાંત ક્ષેત્ર માટે એક સહિયારો દ્રષ્ટિકોણને આગળ વધારવાના નવા પ્રસ્તાવ પર ધ્યાન કેન્દ્રીત કરશે. પહલગામ હુમલા બાદ ક્વાડ મંત્રીઓની આ પહેલી બેઠક હશે.

ડૉક્ટર જયશંકર આજે ન્યૂ યૉર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મુખ્યમથકમાં "ધ હ્યુમન કૉસ્ટ ઑફ ટેરરિઝમ"ના વિષય પર એક પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કરશે. તેમાં આતંકી કૃત્યોની વિનાશક અસર થવાની સાથે સાથ આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા આતંકવાદને પહોંચી વળવા માટે કરાયેલી કાર્યવાહીને દર્શાવાયું છે. આ આયોજન પાકિસ્તાનના સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિસદની અધ્યક્ષતા સંભાળ્યાને એક દિવસ પહેલા થઈ રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**SITHARAMAN- VISIT**

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ 5 જુલાઈ સુધી સ્પેન, પોર્ટુગલ અને બ્રાઝિલની સત્તાવાર મુલાકાતે રવાના થયા છે. સ્પેનની મુલાકાત દરમિયાન, તેઓ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આયોજિત વિકાસ માટે નાણાકીય સહાય પર ચોથી આંતરરાષ્ટ્રીય પરિષદ-FFD-4માં હાજરી આપશે અને નિવેદન આપશે. આ પરિષદમાં નવા અને ઉભરતા મુદ્દાઓ, ટકાઉ વિકાસ લક્ષ્યોને સંપૂર્ણપણે અમલમાં મૂકવાની તાત્કાલિક જરૂરિયાત અને આંતરરાષ્ટ્રીય નાણાકીય સ્થાપત્યના સુધારાને ટેકો આપવા પર ચર્ચા કરાશે. FFD-4 નાણાંકીય સર્વસંમતિ, દોહા ઘોષણાપત્ર અને આદિસ અબાબા એક્શન એજન્ડાના અમલીકરણમાં થયેલી પ્રગતિનું પણ મૂલ્યાંકન કરશે. તેઓ સેવિલ શહેરમાં આંતરરાષ્ટ્રીય વ્યાપાર મંચ લીડરશીપ સમિટમાં ભાગ લેશે અને મુખ્ય ભાષણ આપશે.

પોર્ટુગલની મુલાકાત દરમિયાન, તેઓ પોર્ટુગલના તેમના સમકક્ષ સાથે દ્વિપક્ષીય બેઠક કરે તેવી અપેક્ષા છે. તેઓ અગ્રણી રોકાણકારો અને ભારતીય સમુદાય સાથે પણ વાતચીત કરશે. બ્રાઝિલની મુલાકાત દરમિયાન, કેન્દ્રીય મંત્રી ભારતના ગવર્નર તરીકે ન્યૂ ડેવલપમેન્ટ બેંકની 10મી વાર્ષિક બેઠકને સંબોધિત કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**WEATHER**

**ભારતીય હવામાન વિભાગે આજે ઝારખંડમાં વિવિધ સ્થળ પર ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે આગામી પાંચ જુલાઈ સુધી ઓડિશા, બિહાર, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં વિવિધ સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે. વિભાગના જણાવ્યા મુજબ, આજે ચંડીગઢ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, કોંકણ, ગોવા , મધ્ય મહારાષ્ટ્ર, પંજાબ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ અને વિદર્ભમાં પણ આ જ સ્થિતિ યથાવત્ રહેવાની શક્યતા છે.**

**દરમિયાન હવામાન વિભાગે આજે અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલૅન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ અને સિક્કિમનના વિવિધ સ્થળ પર ભારે વરસાદની આગાહી કરી છે.**

**બીજી તરફ હિમાચલમાં સતત વરસાદના કારણે જનજીવન ખોરવાયું છે. ભારે વરસાદથી અત્યાર સુધી 39 લોકોના મોત થયા છે. જ્યારે ચાર લોકો હજી પણ ગુમ હોવાના અહેવાલ છે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**MID BREAK- NEWS- NATIONAL**

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

**UTTARAKHAND CHAR DHAM YATRA**

ઉત્તરાખંડમાં ભારે વરસાદના કારણે ચારધામ યાત્રા પર લગાવાયેલો કામચલાઉ પ્રતિબંધ આજે હટાવી લેવાયો છે. ગઢવાલના અધિક્ષક વિનય શંકર પાંડેએ જણાવ્યું, યાત્રા માર્ગ પર જિલ્લા અધિકારીઓને વાહનોની અવરજવરને નિયંત્રિત કરવાના નિર્દેશ અપાયા છે. ગત 2 દિવસથી સતત વરસાદના કારણે

મુખ્ય નદીઓનું જળસ્તર વધી ગયું છે. જ્યારે પર્વતીય વિસ્તારમાં ભૂસ્ખલનના કારણે 100થી વધુ માર્ગ બંધ થઈ ગયા છે.

ગંગોત્રી અને યમુનોત્રી રાષ્ટ્રીય રાજમાર્ગો સહિત ઘણા સ્થળ પર ભૂસ્ખલનના પણ અહેવાલ છે. કાટમાળ હટાવવા માટે મશીનો અને કર્મચારીઓ કામ કરી રહ્યા છે, પરંતુ સતત વરસાદના કારણે માર્ગ પૂર્વવત્ કરવાના કામમાં મુશ્કેલી આવી રહી છે. હવામાન વિભાગે આજે ઉત્તરાખંડના કેટલાક વિસ્તારમાં મુશળધાર વરસાદની ચેતવણી જાહેર કરી છે અને સ્થાનિકો તથા તીર્થયાત્રીઓને સતર્ક રહેવાની સલાહ પણ આપી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**KAILASH-MANSAROVAR-YATRA**

આજથી કૈલાસ માનસરોવર યાત્રાનો પ્રારંભ થઇ રહ્યો છે. કોરોનાને કારણે સ્થગિત કરવામાં આવેલી આ યાત્રા પાંચ વર્ષના સમયગાળા બાદ શરૂ થઈ રહી છે. આ વર્ષે, કૈલાસ માનસરોવર યાત્રા સિક્કિમના નાથુલા પાસ અને ઉત્તરાખંડના લિપુલેખથી શરૂ કરાશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર આ  યાત્રા આગામી ઓગસ્ટ મહિના સુધી ચાલશે. સિક્કિમ સરકાર યાત્રાળુઓની સલામતી સુનિશ્ચિત કરવા માળખાગત સુવિધાઓમાં વધારો કરી રહી છે. આ યાત્રા હિન્દુઓ, જૈનો અને બૌદ્ધો માટે ઊંડું આધ્યાત્મિક મહત્વ ધરાવે છે અને કૈલાસ પર્વતને ભગવાન શિવનું નિવાસસ્થાન માનવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**EUROPE -HEAT WAVE**

સમગ્ર યુરોપમાં ગરમીનું મોજું ફરી વળ્યુ છે, તાપમાનના નવા વિક્રમો સ્થાપિત થતાં  આરોગ્ય ચેતવણીઓ જાહેર કરવામાં આવી રહી છે. તાપમાન વધતાની સાથે જ જંગલની આગમાં વધારો થઇ રહ્યો  છે. આ તાપમાનને કારણે દક્ષિણ સ્પેનને સૌથી વધુ ફટકો પડ્યો છે, જેમાં અલ ગ્રેનાડો 46 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે, જે જૂનનું અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન છે. પોર્ટુગલ, ઇટાલી અને ક્રોએશિયાના કેટલાક ભાગોમાં રેડ એલર્ટ જાહેર કરાયું છે.. જ્યારે પશ્ચિમ અને મધ્ય યુરોપના મોટાભાગના વિસ્તારોમાં ચેતવણીઓ અપાઇ  છે.

ઇટાલીએ રોમ અને મિલાન સહિત 21 શહેરોને હાઈ એલર્ટ પર રાખ્યા છે કારણ કે હોસ્પિટલોમાં હીટસ્ટ્રોકના કેસ વધી રહ્યા છે. ગ્રીસમાં જંગલની આગનું જોખમ વધી ગયું છે. લંડનમાં તાપમાન આજે 35 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે, જે વિમ્બલ્ડનનો સૌથી ગરમ દિવસ હોઇ શકે છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**WIMBLEDON 2025**

**લંડનના ઑલ ઇંગ્લૅન્ડ ક્લબમાં આજથી વિમ્બલડન ટેનિસ ટૂર્નામેન્ટ 2025 શરૂ થશે. આગામી 13 જુલાઈએ પુરુષ સિંગલ ફાઈનલની સાથે આ સ્પર્ધાનું સમાપન થશે. બે વખતની વર્તમાન ચૅમ્પિયન કાર્લોસ અલ્કારાઝ, વિશ્વના પ્રથમ ક્રમાંકના જૅનિક સિનર અને 24 વખત ગ્રાન્ડ સ્લેમ જીતનારા નોવાક જોકોવિચ સિવાય અન્ય ખેલાડી ખિતાબ માટે રમશે.**

**આ ટૂર્નામેન્ટમાં ચાર ભારતીય ખેલાડી પુરુષ સિંગલ્સમાં ભાગ લઈ રહ્યા છે. રોહન બોપન્ના બૅલ્જિયમના સૅન્ડર ગિલો સાથે, જ્યારે યુકી ભાંબરી અમેરિકાનાં રૉબર્ટ ગૈલોવે સાથે ડબલ્સ મુકાબલો રમશે. ઋત્વિક બોલિપલ્લી રૉમાનિયાના નિકોલસ બેરિએન્ટોસની સાથે અને એન. શ્રીરામ બાલાજી મૅક્સિકોના મિગુએલ રેયેસ-વરેલા સાથે મેદાનમાં ઉતરશે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**SL CII DELEGATION**

ભારતીય ઉદ્યોગ સંઘ- C.I.I.નું એક ઉચ્ચ સ્તરનું વેપારી પ્રતિનિધિમંડળ દ્વિપક્ષીય વેપાર અને રોકાણ સંબંધોને મજબૂત કરવા શ્રીલંકા પહોંચી ગયું છે. 15 સભ્યોનું આ દળનું નેતૃત્વ I.T.C. લિમિટેડના અધ્યક્ષ અને C.I.I.ના પૂર્વ અધ્યક્ષ સંજીવ પુરી કરી રહ્યા છે. 29 જૂનથી બીજી જુલાઈ સુધીનો આ પ્રવાસ શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખની ભારતના રાજકીય પ્રવાસ દરમિયાન યોજાયેલી ઉચ્ચસ્તરની બેઠક બાદ થઈ રહ્યો છે.

આ પ્રતિનિધિમંડળ શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ અનુરાકુમારા દિસાનાયકે, મંત્રીમંડળ, રોકાણ બૉર્ડ અને ઉદ્યોગજગતના ટોચના નેતાઓ સાથે બેઠક પણ યોજશે. આ પ્રવાસનો ઉદ્દેશ ભારત—શ્રીલંકા સંબંધોમાં

તાજેતરમાં આવેલી તેજીને આગળ વધારવાનો અને ઉત્પાદન, સેવા અને ટૅક્નોલૉજી જેવા ક્ષેત્રમાં વેપાર વધારવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**MARKET**

મધ્ય પૂર્વમાં સંઘર્ષ અને નાણાકિય અને ઓટો સેક્ટરમાં વેચવાલીના પગલે ભારતીય શેરબજારમાં પ્રારંભથી જ કડાકાનો માહોલ સર્જાયો હતો.. ઘટાડા સાથે ખુલેલા શેરબજારમાં કડાકનો દોર યથાવત રહ્યો હતો.. વૈશ્વિક બજારોમાં પણ નબળા સંકેતોના પગલે બપોર બાદ પણ સેન્સેક્સમાં ત્રણસો અને નિફ્ટીમાં 90 અંક સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**HUL DIWAS**

બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની સામે સ્વતંત્રતા અને ન્યાય માટેની લડતમાં સંથાલના લોકોએ આપેલા બલિદાનને શ્રદ્ધાંજલિ આપવા માટે આજે હુલ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. 30 જૂન 1855 ના રોજ  અંગ્રેજો સામે થયેલા આ બળવાને સંથાલ હુલ તરીકે પણ ઓળખવામાં આવે છે.. સિદ્ધુ અને કાન્હુ મુર્મુના નેતૃત્વમાં સંથાલોએ આદિવાસી યુવાનોને તેમના અધિકારો માટે અને અન્યાય સામે લડવા માટે એકત્ર કર્યા હતા. આ બળવો, ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં એક નિર્ણાયક ઘટના હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .